# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર આ અખબારી યાદીથી જણાવે છે કે, ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૦૩/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ ની સુચના મુજબ નોવેલ કોરોના વાયરસના સંક્રમણને નિયત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં તમામની સ્વાસ્થ્ય સુખાકારીને ધ્યાનમાં લઈ આવશ્યક ન હોય તે સિવાય બોર્ડની કચેરીમાં વિદ્યાર્થીઓને ડુપ્લીકેટ ગુણપત્રક કે માઈગ્રેશન માટે રૂબરૂ આવવું જરૂરી નથી. બોર્ડ દ્વારા ઓનલાઈન એપ્લીકેશન સ્વીકારવાની અને માંગેલ ડોક્યુમેન્ટ ટપાલ મારફતે અરજદાર સુધી પહોંચાડવાની વ્યવસ્થા ઊભી કરેલ છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની નવી મંજૂરી માટેની એપ્લીકેશન તમામ ડોક્યુમેન્ટ સહિત ઓનલાઈન અપલોડ કરવાની જોગવાઈ છે. સરકાર શ્રી દ્વારા જે સુચનાઓ અપાયેલ છે તેનું પાલન થાય તે મુજબ કાર્યવાહી થાય તે જોવા સૌને અપીલ કરવામાં આવે છે. અનિવાર્ય સંજોગોમાં સબંધિત અધિકારીની પૂર્વ મંજૂરી વગર રૂબરૂ કચેરીની મુલાકાત ટાળવી.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તા.૨૧/૦૩/૨૦૨૦